# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૯
# તારીખ : ૧૫–૦૨–૨૦૨૪

આથી ઠરાવ કરવામાં આવે છે કે જે તે ખાતાના કર્મચારીશ્રી તેમજ ચીફ ઓફીસરશ્રી ની ભલામણ ધ્યાને લેતા નીચે દર્શાવેલ કર્મચારીઓની તેમના પી.એફ.ખાતા માં જમા થયેલ રકમ માથી પી.એમ.લોન ની માંગણી કરેલ હોવાથી પી.એફ.લોન આપવા તેઓના નામની સામે દર્શાવેલ રકમ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ચંપાબેન શંકરભાઈ હરીજન | પી.એફ.લોન | ૨૫૦૦૦૦.૦૦ |
| ૨ | દીપકભાઈ રજનીભાઈ હરીજન | પી.એફ.લોન | ૧૦૦૦૦૦.૦૦ |
| | | | ૩૫૦૦૦૦.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ પી.એફ.લોન ની રકમ પી.એફ.ખર્ચ ખાતે પાડી ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ

# <u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>
## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૦</u>
## <u>તારીખ.૧૫–૦૨–૨૦૨૪</u>

**આજ રોજ તારીખ.૧૫–૦૨–૨૦૨૪ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની નગરપાલિકામાં આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૨૬ સુધીની અરજીઓ ટેક્ષ વિભાગમાં આવેલ છે.જે ચર્ચા વિચારણા ની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને અરજદારો તરફથી સદર મિલ્કતોની સીટી સર્વે નકલ રજુ કરેથી સીટી સર્વેની નકલ આધારે નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.**

**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. સોનલબેન નિતીનકુમાર જોષી**
**સહી. નિતાબેન દિલીપભાઈ રાણા**
**સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ**
**સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ**

<u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૧</u>

<u>તારીખ.૧૫–૦૨–૨૦૨૪</u>

આજ રોજ તારીખ.૧૫–૦૨–૨૦૨૪ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૯ સુધીની અરજીઓની ઝોનલ મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ કરાવવીને ટેક્ષ વિભાગ મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા

**<u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>**

**<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૨</u>**

**<u>તારીખ.૧૫–૦૨–૨૦૨૪</u>**

આથી ઠરાવવામાં આવે છે કે સેનીટેશન વિભાગમાં ચાલતા સફાઈના સાધનો પૈકી જુનુ મોટુ જેટીંગ જે ઘણા સમયથી બંધ હાલતમાં છે. જેમાં પદાધિકારીઓ ના મૌખીક આદેશ મુજબ રીપેરીંગ કરાવવાની જાણ કરેલ છે. જેમાં સદર કામના અનુભવી એજન્સીઓ પાસેથી ભાવપત્રક મંગાવવાના થાય છે. જેની જાહેરાત દૈનિક પેપરમાં આપવા બાબતે ઠરાવ કરવામાં આવે છે તથા તે અંગેનો ખર્ચ કરવા મંજુર.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૩
## તારીખ.૧૫–૦૨–૨૦૨૪

આથી ઠરાવવામાં આવે છે કે નગરપાલિકામાં જુદા–જુદા વિભાગ માટે પેટ્રોલ / ડિઝલ / ઓઈલ / ગેસ / ગ્રીસ વિગેરેની જરૂરીયાત હોઈ અગાઉ વર્ષ : ૨૦૨૩–૨૪ ના વર્ષ માટે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૩ / તા.૧૧–૦૪–૨૦૨૩ થી બજાર ભાવથી ખરીદી કરવા નકકી કરવામાં આવેલ જેની સમય મર્યાદા તા.૩૧–૦૩–૨૦૨૩ ના રોજ પૂર્ણ થતી હોઈ વર્ષ : ૨૦૨૪–૨૫ માટે પેટ્રોલ / ડિઝલ / ઓઈલ / ગેસ / ગ્રીસ ખરીદી માટે દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરી તથા ઓન–લાઈન ટેન્ડરીંગ કરી ભાવો મંગાવવી આ અંગે આગળની કાર્યવાહી કરવા અને તે અંગેનો જરૂરી ખર્ચ કરવા મંજુર. તથા સદર પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી અગાઉ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૩ / તા.૧૧–૦૪–૨૦૨૩ થી નકકી થયા મુજબ બજાર ભાવથી ખરીદી કરવા મંજુર.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૪
## તારીખ.૧૫–૦૨–૨૦૨૪

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા તારીખ.૩૦–૦૧–૨૪ના રોજ ફાયરવિભાગના લેન્ડ લાઈન ફોન પર સાંજે ૫–૩૦ કલાકે દિલજીતભાઈ પટેલનો ફોન આવેલ જે ગલીફળીયાની પાછળ જતીનભાઈ પટેલના ઘરની બાજુમાં આવેલ વંઢામાં આગ લાગેલ જે આવેલ ફરીયાદના અનુંસંધાને ફાયરવિભાગમાંથી મીની ફાઈટર લઈ બરકતભાઈ ,રાકેશભાઈ બારૈયા તથા સંજયભાઈ હરીજન સદર કામગીરી કરવા ગયેલ જે કામગીરી કરવામાં સંજયભાઈ પ્રેસર પાઈપથી આગ ઓલવતા હતા તેમાં પ્રેસર વધતા તે પારી પર ઉભા રહેલ તે ત્યાંથી પડી ગયેલ હોવાથી ને તરતજ સદર કર્મચારીને જનરલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલ ત્યારે તેમને એકસ–રે તથા સીટીસ્કેન ડોકટરશ્રીએ કરાવેલ તેમને તેમને ડોકટરશ્રીએ ઓપરેશન કરવાની જરૂરત છે તેમ જણાવેલ છે જે કર્મચારીને તારીખ.૩૦–૦૧–૨૩ના રોજ જનરલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે.જે કર્મચારી સંજયભાઈ મનહરભાઈ હરીજનનું તારીખ.૩૧–૦૧–૨૩ના રોજ સવારે ઓપરેશન માટે લઈ ગયેલ છે.સદર કર્મચારી ખૂબજ મહેનતું છે.ને તેને કોઈ પણ કામગીરી કરવામાં ના પાડતા નથી તેવા કર્મચારીને આવું થયેલ છેને તે કર્મચારી ખૂબ જ સાધારણ હોવાથી તે કર્મચારી ફાયરવિભાગમાં ચાલુ ફરજ દરમ્યાન પડી ગયેલ હોવાથી તે કર્મચારીને દવાનો તથા ઓપરેશનનાં અંદાજીત ૨૫૦૦૦ રૂપિયા ખર્ચ ડોકટરશ્રીએ બતાવેલ છે જે સંજયભાઈ મનહરભાઈ હરીજનને ઓપરેશન તથા દવામાં થયેલ ખર્ચ નીચે જણાવેલ છે.

| અં.નં. | બીલ/તારીખ | વિગત | રકમ |
|---|---|---|---|
| (૧) | ૫૩૦૩૭/તા.૩૧/૧/૨૪ | મેડીકલ દવાઓ (જનરલ હોસ્પિ.મેડીકલ સ્ટોર) | 660.83 |
| (૨) | ૫૩૦૩૭/તા.૩૧/૧/૨૪ | મેડીકલ દવાઓ (જનરલ હોસ્પિ.મેડીકલ સ્ટોર) | 249.00 |
| (૩) | ૫૩૦૬૫/તા.૩૧/૧/૨૪ | મેડીકલ દવાઓ (જનરલ હોસ્પિ.મેડીકલ સ્ટોર) | 688.51 |
| (૪) | ૫૩૦૮૪/તા.૩૧/૧/૨૪ | મેડીકલ દવાઓ (જનરલ હોસ્પિ.મેડીકલ સ્ટોર) | 368.50 |
| (૫) | ૫૩૧૭૨/તા.૦૧/૨/૨૪ | મેડીકલ દવાઓ (જનરલ હોસ્પિ.મેડીકલ સ્ટોર) | 667.92 |
| (૬) | ૫૩૩૪૮/તા.૦૧/૨/૨૪ | મેડીકલ દવાઓ (જનરલ હોસ્પિ.મેડીકલ સ્ટોર) | 89.10 |
| (૭) | ૫૩૩૯૮/તા.૦૨/૨/૨૪ | મેડીકલ દવાઓ (જનરલ હોસ્પિ.મેડીકલ સ્ટોર) | 489.61 |

| | | | |
|---|---|---|---|
| (૮) | ૨૩૭૮૦/તા.૦૨/૨/૨૪ | ઓપરેશન/એકસ–રે/ હોસ્પિટલમાંથી ડીસચાર્જ કરેલ તે બીલ(કેમ્બે જનરલ હોસ્પિટલ) | 20220.00 |
| | | | 22772.64 |

ઉપરોકત જણાવેલ ફાયરવિભાગનાં કર્મચારી સંજયભાઈ મનહરભાઈ હરીજન ૩૦–૦૧–૨૪ને મંગળવારના રોજ ચાલુ ફરજ દરમ્યાન પ્રેસર પાઈપથી આગ ઓલવતા હતા તેમાં પ્રેસર વધતા તે પારી પરથી પડી ગયેલ તેમને ઉપરોકત ઓપરેશનમાં તથા દવામાં ખર્ચ થયેલ તે મંજુર રાખવામાં આવે છે. તથા તે કર્મચારીને ઓપરેશનમાં તથા દવામાં થયેલ ખર્ચ રોકડસિલકમાંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૫
## તારીખ.૧૫–૦૨–૨૦૨૪

આથી ઠરાવવામાં આવે છે કે ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ શ્રી રામ જન્મભુમી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના ભાગરૂપે ખંભાત નગરપાલિકા વિસ્તારમાં સુશોભન કરવા તેમજ ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે બેનર(ફ્રેમ સાથે), કેસરી ઝંડા, ઝંડા માટે લાકડીઓ, શાળાની બાળાઓ માટે બિસ્કીટ તથા અન્ય જરૂરી વ્યવસ્થા કરવાની થતી હોઈ મંડપ અને લાઈટ ડેકોરેશન સિવાય અંદાજીત રૂ.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજાર પૂરાનો ખર્ચ થાય તેમ હોઈ રૂ.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજાર પૂરાનો ખર્ચ કરવા આથી ઠરાવવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૬
## તારીખ.૧૫–૦૨–૨૦૨૪

ઉપરોકત રીપોર્ટની વિગત અને ચીફ ઓફીસરશ્રીની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા હસ્તકનું નવી શાકમાર્કેટ શોપીગ સેન્ટર ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર.B042 જેનો મ્યુનીસીપલ બ્લોક નંબર.B0102/B042 વાળી દુકાન હાલમાં વાજીદઅહેમદ બસીરઅહેમદ મન્સુરી રહેવાસી.જી૪૦૫, લક્ષરિયા–૨, આમબર ટાવર સામે, એમાદ ટાવર પાછળ, ૧૦૦ ફીટી રીંગ રોડ, સરખેજ, અમદાવાદ શહેર, અમદાવાદ–૩૮૦૦૫૫ ના નામે ચાલે છે.

સદર દુકાન તેઓએ ગૌરીબેન સંજયભાઈ ચુનારા રહેવાસી.નાનો મોસમપુરા, લુહારીયાવાડનો ખાંચો, ખંભાતના નામે ટ્રાન્સફર કરવા માટે સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ કરીને અસલ પેપર્સ સાથે રાખી ખંભાત નગરપાલિકામાં તારીખ.૨૫–૦૧–૨૦૨૪ ના રોજ દુકાન ટ્રાન્સફર કરવા અરજી આપેલ છે.

જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ તથા જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫૩ તારીખ. ૩૦–૦૧–૨૦૧૪ ની પોલીસી મુજબ સદર દુકાન માં નામ ટ્રાન્સફર કરવાની ફી રૂપીયા.૫૦,૦૦૦/– અંકે રૂપીયા પચાસ હજાર પુરા તથા માસીક લાયસન્સ ફી માં ૨૫% (પચ્ચીસ ટકા) પ્રમાણે થતો વધારો ભરવાની શરતે નવી શાકમાર્કેટ શોપીંગ સેન્ટર ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર.B042 જેનો મ્યુનીસીપલ બ્લોક નંબર.B0102/B042 વાળી દુકાનમાં ગૌરીબેન સંજયભાઈ ચુનારા રહેવાસી.નાનો મોસમપુરા, લુહારીયાવાડનો ખાંચો, ખંભાત ના નામે નીચેની શરતોને આધીન ટ્રાન્સફર કરવા મંજુર.

### શ ર તો

(૧) સદર દુકાનો માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર દુકાનનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર દુકાનનું માસિક લાયસંસ ફી રૂપીયા.૭૩૧/–અંકે રૂપીયા સાતસો એકત્રીસ પુરા પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) દુકાન ભાડે રાખનાર ઈસમ દુકાન પેટા ભાડવાતને આપી શકશે નહી અગરતો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય દુકાન બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને

પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે દુકાન ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર દુકાન રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે અને ૦૯ (નવ) વર્ષ પુર્ણ થયા પહેલા જે તે દુકાનદારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી દુકાનનો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર દુકાન હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં દુકાન ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/– તથા જે દુકાનની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે દુકાનની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી દુકાનમાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા દુકાનમાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે – ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા – દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ

પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) દુકાનની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) દુકાન લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી દુકાન લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ દુકાનમાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૬) લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

(૧૭) ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૧૮) આ દુકાનમાં હોટેલ, વીશી ભઠ્ઠીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સફી થી રાખનાર કરી શકશે નહીં.

(૧૯) નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય દુકાનમાં રીપેરીંગકામ, રંગકામ, સુધારો–વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસ–દારે પોતાને ભોગવવાનો રહેશે. અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૦) દુકાન લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી જે કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા ભાગીદારો પાસે આ દુકાન બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓએ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે.

(૨૧) દુકાન લાયસંસફી થી રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુની. એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની. દુકાનનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૨૨) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

(૨૩) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧તારીખ.૧૯–૦૧–૨૦૧૬ના રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ પડશે.

(૨૪) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે.

(૨૫) સદર દુકાનમાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ. ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ દુકાનને કાંઈપણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે બીજી તરફવાળા જવાબદાર રહેશે.

(૨૬) સદરુહ મીલકતનો કબજો મ્યુની.ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ લેવા મ્યુની. ને હકક છે.

(૨૭) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૮) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફ વાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફ–વાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફ વાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટી એ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૭
## તારીખ.૧૫–૦૨–૨૦૨૪

આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત નગરપાલિકામાં મિકનીકલ આસિસ્ટન્ટની જગ્યા પર એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૯૨ તારીખ.૨૩–૧૨–૨૦૧૬ થી શ્રી બિરેન્દ્રસિંહ ચંદ્રસિંહ ચૌહાણને તારીખ.૦૧–૧૧–૨૦૧૬ થી નવી નિમણુંક પુનઃ કરવામાં ન આવે ત્યાં સુધી ચાલુ રાખવા ઠરાવેલ તથા પ્રમુખશ્રીના હુકમ તારીખ.૦૧–૦૮–૨020 થી સરકારશ્રીના નિયમો મુજબ રૂપિયા.૧૯,૯૫૦/– ફીકસ પગારથી રાખેલ. જેઓનો તારીખ.૦૧–૦૨–૨૦૨૪ થી ફીકસ પગાર રૂપિયા.૨૩,૦૦૦/– કરવા ઠરાવવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૮
## તારીખ. ૧૫–૦૨–૨૦૨૪

(૧) ખંભાત નગરપાલિકા વિસ્તારમાં ચાર બગીચાઓ આવેલા છે તે ચારેય બગીચાઓની કામગીરી કરાવવા માટે બગીચાઓમાં અપુરતો સ્ટાફ હોવાથી ચારેય બગીચાઓમાં સાફ સફાઈ, મહેંદી કટીંગ, લીલા ઘાસ કાપવા તથા ફુલ, છોડને પાણી પીવડાવવાની કામગીરી કરાવવા માટે જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૬ તારીખ. ૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ. ૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ.૩૧–૦૧–૨૦૨૪ ના રોજ પુર્ણ થતી હોવાથી તારીખ.૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ.૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનું નામ | માસીક ઉચ્ચક(ફીકસ)પગાર |
|---|---|---|
| (૧) | ધનશ્યામ કાંતીભાઈ ખલાસી | રૂપીયા.૧૦,૦૦૦/– |
| (૨) | રામાભાઈ શનાભાઈ વાઘેલા | રૂપીયા.૧૦,૦૦૦/– |

(૨) ખંભાત નગરપાલિકાના જુદા જુદા વિભાગમાં નીચે જણાવેલ કર્મચારીઓ જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૯૬ તારીખ.૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ.૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ.૩૧–૦૧–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ ના રોજ પુર્ણ થતી હોવાથી તારીખ. ૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ. ૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે નીચે જણાવેલ નવો માસીક ઉચ્ચક(ફીકસ) પગારથી રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનું નામ | હાલ માસીક ઉચ્ચક(ફીકસ) પગાર | નવો માસીક ઉચ્ચક(ફીકસ) પગાર |
|---|---|---|---|
| (૧) | રવિકુમાર અમૃતલાલ રાણા (એકાઉન્ટ ખાતુ) | ૧૯,૯૫૦/– | ૨૩,૦૦૦/– |
| (૨) | પ્રકાશભાઈ જયંતીભાઈ ચુનારા(ગુ.વ્ય.વિભાગ) | ૧૯,૯૫૦/– | ૨૩,૦૦૦/– |
| (૩) | શૈલેશભાઈ ડાહયાભાઈ શાહ (લાઈટ ખાતુ) | ૧૯,૯૫૦/– | ૨૩,૦૦૦/– |
| (૪) | સોલંકી રાકેશકુમાર મગનભાઈ(બાંધકામખાતુ) | ૧૯,૯૫૦/– | ૨૩,૦૦૦/– |
| (૫) | સોમપુરા મૃગેનકુમાર પ્રકાશચંદ્ર(બાંધકામખાતુ) | ૧૯,૯૫૦/– | ૨૩,૦૦૦/– |
| (૬) | કમલેશભાઈ મફતભાઈ રબારી (સેનીટેશન ખાતુ) | ૧૯,૯૫૦/– | ૨૩,૦૦૦/– |

(૩) ખંભાત નગરપાલિકાના લાઈટ વિભાગમાં મધ્ય ગુજરાત વિજ કંપની લીમીટેડના પત્ર નંબર. ૪૮૬ તારીખ.૨૨–૦૧–૨૦૦૩ મુજબ વાયરમેનના પરવાના ધરાવતાં લાઈનમેન તથા સ્ટ્રીટ લાઈટના ફીકચરો લાવવા લઈ જવા માટે તથા નીસરણી

ઉચકવા માટે બે (૨) લાઈનમેન રાખવામાં આવેલ હતાં જેમાં સ્ટ્રીટ લાઈટની આવેલ ફરીયાદોના નિવારણ માટે બે (૨) લાઈનમેન રાખવાની જરૂરીયાત હોવાથી નીચે જણાવેલ કર્મચારી જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૬ તારીખ. ૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ. ૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ ના રોજ પુર્ણ થતી હોવાથી તારીખ.૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ.૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે નીચે જણાવેલ નવો ઉચ્ચક(ફીકસ) પગારથી રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનુંનામ | માસીક ઉચ્ચક(ફીકસ) પગાર | નવો માસીક ઉચ્ચક(ફીકસ) પગાર |
|---|---|---|---|
| (૧) | યોગેશકુમાર સનમુખલાલ શાહ | ૧૦,૦૦૦/– | ૧૦,૦૦૦/– |
| (૨) | રાકેશકુમાર રમણકુમાર રાણા | ૧૯,૯૫૦/– | ૨૩,૦૦૦/– |

(૪) વોટર વર્કસ વિભાગમાં પંપીગ મશીનરી ચલાવવા સાચવવા તથા વાલ્વ ઓપરેટ કરવા માટે કર્મચારીની ઘટ પડતી હોવાથી જેમાં કુલ–વીસ (૨૦) કર્મચારીઓને ઉચ્ચક પગારથી રાખવામાં આવેલ હતાં. જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૬ તારીખ. ૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ. ૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ ના રોજ પુર્ણ થતી હોવાથી તારીખ. ૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ.૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે નીચે જણાવેલ નવો માસીક ઉચ્ચક (ફીકસ) પગારથી રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

| ક્રમ | કર્મચારીનું નામ | માસીક ઉચ્ચક(ફીકસ) પગાર | નવો માસીક ઉચ્ચક(ફીકસ) પગાર |
|---|---|---|---|
| ૧ | રઈજીભાઈ શંકરભાઈ ગોહેલ (ચોખંડી) | રૂા.૧૦,૦૦૦/– ૨૪ કલાક | રૂા.૧૦,૦૦૦/– ૨૪ કલાક |
| ૨ | દેવજીભાઈ જેસીગભાઈ સોલંકી (પંડયા) | રૂા.૧૦,૦૦૦/– ૨૪ કલાક | રૂા.૧૦,૦૦૦/– ૨૪ કલાક |
| ૩ | હર્ષદભાઈ અંબાલાલ મકવાણા (કનેવાલ) | રૂા.૧૦,૦૦૦/– ૨૪ કલાક | રૂા.૧૦,૦૦૦/– ૨૪ કલાક |
| ૪ | સાજીદખાન ફીરોજખાન પઠાણ | રૂા.૧૯,૯૫૦/– ૨૪ કલાક | રૂા.૨૩,૦૦૦/– ૨૪ કલાક |
| ૫ | પઢીયાર રણજીતસીંહ અમરસીંહ | રૂા.૧૯,૯૫૦/– ૨૪ કલાક | રૂા.૨૩,૦૦૦/– ૨૪ કલાક |

| | | | |
|---|---|---|---|
| ૬ | નરેશભાઈ હરજીભાઈ રબારી | રૂા.૧૯,૯૫૦/– ૨૪ કલાક | રૂા.૨૩,૦૦૦/– ૨૪ કલાક |
| ૭ | દિનેશચંદ્ર ધનશ્યામલાલ પટેલ | રૂા.૧૦,૦૦૦/– ૨૪ કલાક | રૂા.૧૦,૦૦૦/– ૨૪ કલાક |
| ૮ | ભાવેશ ગોવિંદભાઈ રબારી | રૂા.૧૯,૯૫૦/– ૨૪ કલાક | રૂા.૨૩,૦૦૦/– ૨૪ કલાક |
| ૯ | ભરતકુમાર ગોવિંદભાઈ રબારી | રૂા.૧૯,૯૫૦/– ૨૪ કલાક | રૂા.૨૩,૦૦૦/– ૨૪ કલાક |
| ૧૦ | કમલેશ આશાભાઈ રાણા | રૂા.૧૯,૯૫૦/– ૨૪ કલાક | રૂા.૨૩,૦૦૦/– ૨૪ કલાક |
| ૧૧ | જયેશ બંસીભાઈ વાઘરી | રૂા.૧૯,૯૫૦/– ૨૪ કલાક | રૂા.૨૩,૦૦૦/– ૨૪ કલાક |
| ૧૨ | શૈલેષ ગણપતભાઈ ગોસ્વામી | રૂા.૧૯,૯૫૦/– ૨૪ કલાક | રૂા.૨૩,૦૦૦/– ૨૪ કલાક |
| ૧૩ | શબ્બીરભાઈ કાલુભાઈ મલેક | રૂા.૧૦,૦૦૦/– ૨૪ કલાક | રૂા.૧૦,૦૦૦/– ૨૪ કલાક |
| ૧૪ | કમલેશ મનુભાઈ પટેલ | રૂા.૧૦,૦૦૦/– ૨૪ કલાક | રૂા.૧૦,૦૦૦/– ૨૪ કલાક |
| ૧૫ | કલ્પેશકુમાર કનુભાઈ વાઘરી | રૂા.૧૯,૯૫૦/– ૨૪ કલાક | રૂા.૨૩,૦૦૦/– ૨૪ કલાક |
| ૧૬ | પ્રવિણભાઈ ભીખાભાઈ વાઘરી | રૂા. ૭,૫૦૦/– ૮ કલાક | રૂા. ૭,૫૦૦/– ૮ કલાક |
| ૧૭ | હર્ષદભાઈ સોમાભાઈ વાલ્મીક | રૂા. ૭,૫૦૦/– ૮ કલાક | રૂા. ૭,૫૦૦/– ૮ કલાક |
| ૧૮ | દેવેશકુમાર નવીનભાઈ વાલ્મીક | રૂા. ૭,૫૦૦/– ૮ કલાક | રૂા. ૭,૫૦૦/– ૮ કલાક |
| ૧૯ | હર્ષલકુમાર બળદેવભાઈ ખલાસી | રૂા. ૭,૫૦૦/– ૮ કલાક | રૂા. ૭,૫૦૦/– ૮ કલાક |
| ૨૦ | વર્ષેશકુમાર પિયુશભાઈ ખલાસી | રૂા. ૭,૫૦૦/– ૮ કલાક | રૂા. ૭,૫૦૦/– ૮ કલાક |

સદર કર્મચારીઓ ને ક્રમ નં–૧, ૨, ૩, ૭, ૧૩ અને ૧૪ ને ઉચ્ચક (ફીકસ) પગારથી માસીક રૂપીયા.૧૦,૦૦૦/– તથા ક્રમ નંબર. ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૫ ને ઉચ્ચક (ફીકસ) પગારથી માસીક રૂપીયા.૧૯,૯૫૦/– ના પગાર થી તથા ક્રમ નંબર. ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦ ને ઉચ્ચક (ફીકસ) પગાર રૂપીયા. ૭,૫૦૦/– અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુરા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૬ તારીખ. ૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ.૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ.૩૧–૦૧–૨૦૨૪ સુધી રાખવામાં આવેલ હતા. જે કર્મચારીઓની

મુદત તારીખ.૩૧–૦૧–૨૦૨૪ પુર્ણ થતી હોય તેઓને તારીખ.૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ.૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે ઉપરોકત જણાવેલ નવો માસીક ઉચ્ચક(ફીકસ) પગારથી રાખવા મંજુર કરવામાં આવે છે. જે કર્મચારીઓને વોટર વર્કસ વિભાગમાં પંપીગ મશીનરી ચલાવવા, સાચવવા તથા વાલ્વ ઓપરેટ કરવાની કામગીરી કરવાની રહેશે અને તેઓની જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૫) આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના વોટર વર્કસ વિભાગમાં પંપીગ મશીનરી ચલાવવા, સાચવવા તથા વાલ્વ ઓપરેટ કરવા માટે કર્મચારીની ઘટ પડતી હોવાથી રણમુકતેશ્વર હેડ વર્કસ પર શ્રી ચિરાગભાઈ મનુભાઈ ગરાસીયા કર્મચારી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૬ તારીખ.૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ.૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ.૩૧–૦૧–૨૦૨૪ સુધી રાખવામાં આવેલ હતા. જે કર્મચારીની મુદત તારીખ.૩૧–૦૧–૨૦૨૪ પુર્ણ થતી હોય તેઓને તારીખ. ૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ.૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે સદર શ્રી ચિરાગભાઈ મનુભાઈ ગરાસિયા કર્મચારીને ઉચ્ચક ૭૫૦૦/– માસિક પગારથી ૨૪ કલાક વોટર વર્કસ વિભાગમાં પંપીગ મશીનરી ચલાવવા, સાચવવા તથા વાલ્વ ઓપરેટ કરવાની કામગીરી કરવાની રહેશે અને તેઓની જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૬) ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ ગાંધીનગર ધ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન ૨૦૧૪–૧૯ હેઠળ શહેરની અંદર સોલીડ વેસ્ટની કામગીરી કામે / સફાઈ કામે જે.સી.બી. મશીન ખંભાત નગરપાલિકા ખાતે મળેલ છે જેને ચલાવવા ઓપરેટરની જરૂરીયાત હોઈ શ્રી રાજુભાઈ જીલુભાઈ પરમારને માસીક ઉચ્ચક રૂપીયા.૧૨,૦૦૦/– માં વધારો રૂપિયા.૩,૦૦૦/– ઉમેરો થતા રૂપિયા.૧૫,૦૦૦/– માહે જુન–૨૦૨૩ થી વધારા પ્રમાણે થયેલ તે મુજબ જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૬ તારીખ.૦૪–૧૦–૨૦૨૩ થી અને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૬૧ તારીખ. ૩૦–૦૫–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ. ૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ.૩૧–૦૧–૨૦૨૪ ના રોજ પુર્ણ થતી હોવાથી તારીખ. ૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ.૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૭) ખંભાત નગરપાલિકામાં ફરજ બજાવતાં વિવિધ વિભાગોમાં તેમની કામગીરી માટે જરૂરીયાત હોઈ જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૯૬ તારીખ. ૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ. ૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ ના રોજ પુર્ણ થતી હોવાથી તારીખ. ૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ.૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનું નામ | માસીક ઉચ્ચક(ફીકસ)પગાર | |
|---|---|---|---|
| (૧) | શ્રી નીપાબેન નરેન્દ્રકુમાર આચાર્ય | રૂપીયા.૧૯,૯૫૦/– | |
| (૨) | શ્રી જયશ્રીબેન રાકેશકુમાર રાણા | રૂપીયા.૧૯,૯૫૦/– | |
| (૩) | શ્રી પરેશાબેન અરવિંદભાઈ શાહ | રૂપીયા.૧૯,૯૫૦/– | |
| (૪) | શ્રી ખુશ્બુબેન ભરતભાઈ ખલાસી | રૂપીયા.૧૯,૯૫૦/– | |
| (૫) | શ્રી જીજ્ઞેશકુમાર ત્રીભોવનદાસ પુરાણી | રૂપીયા.૧૯,૯૫૦/– | |

(૮) ખંભાત નગરપાલિકામાં કોમ્પ્યુટરની કામગીરી કરતાં કર્મચારી નિવૃત્ત થયેલ છે જે કામગીરીમાં વિક્ષેપ ના પડે તે માટે શ્રી દિક્ષીતચંદ્ર મનહરલાલ સોનીને સદર કામગીરી માટે માસીક રૂપિયા.૯,૫૦૦/– અંકે રૂપિયા નવ હજાર પાંચસો પુરા વેતન થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૯૬ તારીખ.૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ.૦૧–૧૧–૨૦૨૩થી તારીખ.૩૧–૦૧–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ હતા. જે કર્મચારીની મુદત તારીખ.૩૧–૦૧–૨૦૨૪ ના રોજ પુર્ણ થતી હોય હવે પછી તારીખ. ૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ. ૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે માસીક રૂપિયા.૧૧,૦૦૦/– અંકે રૂપિયા અગીયાર હજાર પુરાથી રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૯) ખંભાત નગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગ માટે કર્મચારીઓની ઘટ હોવાથી અગાઉ જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૯૬ તારીખ.૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ.૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ.૩૧–૦૧–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ ના રોજ પુર્ણ થતી હોવાથી તારીખ. ૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ. ૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનું નામ | માસીક ઉચ્ચક પગાર |
|---|---|---|
| (૧) | બરકતઅલી હસનઅલી સૈયદ | રૂપીયા.૧૯,૯૫૦/– |
| (૨) | વિમલગીરી રમણગીરી ગોસાંઈ | રૂપીયા.૧૯,૯૫૦/– |

(૧૦) ખંભાત નગરપાલિકામાં પ.વ.ડી. વિભાગમાં શ્રી હર્ષ જયંતીલાલ સોની ને માસીક ઉચ્ચક (ફીકસ) પગાર રૂપીયા. ૧૦,૫૦૦/–માં વધારો રૂપિયા.૩,૦૦૦/– ઉમેરો થતા રૂપિયા.૧૩,૫૦૦/– માહે જુન–૨૦૨૩થી વધારા પ્રમાણે થયેલ તે મુજબ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૯૬ તારીખ.૦૪–૧૦–૨૦૨૩થી અને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૭૦ તારીખ.૩૦–૦૫–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ.૦૧–૧૧–૨૦૨૩

થી તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ.૩૧–૦૧–૨૦૨૪ ના રોજ પુર્ણ થતી હોવાથી તારીખ. ૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ. ૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૧૧) ખંભાત નગરપાલિકાના સેનીટેશન વિભાગ માટે જે કર્મચારીને માસીક ઉચ્ચક ફીકસ પગાર રૂપીયા.૧૦,૦૦૦/–થી જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૯૬ તારીખ. ૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ. ૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ ના રોજ પુર્ણ થતી હોવાથી તારીખ. ૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ.૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનું નામ | માસીક ઉચ્ચક પગાર |
|---|---|---|
| (૧) | બાબુભાઈ મંગળભાઈ હરીજન | રૂપીયા.૧૦,૦૦૦/– |
| (૨) | રસીકભાઈ કનુભાઈ હરીજન | રૂપીયા.૧૦,૦૦૦/– |

(૧૨) આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના મંજુર થયેલ મહેકમની કેટલીક જગાઓ કર્મચારીઓ નિવૃત્ત થવાને કારણે ખાલી પડેલ છે. કાયમી ભરતી માટે સરકારશ્રીની મંજુરી આવશ્યક હોઈ તે અંગેની કાર્યવાહી ચાલુ છે પરંતુ મંજુર પ્રાપ્ત થઈને જાહેરાત, ઈન્ટરવ્યુ, નિમણુંકની કાર્યવાહી થઈ જગા ભરાય ત્યાં સુધી આવી જગાઓ ઉપર કામગીરી કરવા માણસોની જરૂર રહે છે કારણ કે નગરપાલિકાના રોર્જીદા વહીવટ અને કામગીરી અટકી જાય અને પ્રજાની સુવિધા, સુખાકારી, પ્રાથમીક સુવિધાઓ તેમજ કાર્યાલયની કામગીરીમાં જાહેર જનતાને અડચણ રૂપ ન થાય તે હેતુથી તથા નગરપાલિકાની આર્થીક સ્થિતિનું મુલ્યાંકન અને ચર્ચા કરતાં આર્થિક વિશેષ બોજો ન પડે અને કામગીરી ચાલુ રાખી શકાય તેવા જાહેર અને વહીવટ સરળતાના હેતુથી નગરપાલિકામાં કરાર આધારીત તદ્દન હંગામી ધોરણે તારીખ.૩૧–૧૦–૨૦૨૧ના રોજ સુધી નિમણુંક આપવામાં આવેલ અને તે મુજબનો કરાર પણ જે તે ઈસમ સાથે કરવામાં આવેલ છે તે કરારની મુદત પુરી થઈ ગયેલ છે પરંતુ કામગીરી માટે નીચે જણાવેલ યાદી પ્રમાણે જે તે વ્યકિતએ કામગીરી ચાલુ રાખેલ છે કારણ કે નગરપાલિકાને જરૂરીયાત છે અને ભરતી અંગેની કાર્યવાહીનો કોઈ નિર્ણય આવેલ નથી કે હાલની પરિસ્થિતિ જોતા નજીકના સમયમાં તેનો નિર્ણય આવે તેવી સંભાવના ન હોઈ નીચે જણાવેલ વ્યકિતઓ ને કરારની જે મુદત કરારથી નકકી કરવામાં આવેલી જેનો ઠરાવ કરવામાં આવેલો તે મુદત પુરી થયેલી હોઈ તે તારીખ બાદ પુનઃઆ નીચે જણાવેલ વિગતેના મહેનતાણા તથા જણાવેલ તારીખ સુધી નો સમય વધારી આપવામાં આવે છે જે અંગેનો કરાર અલગથી કરવામાં આવનાર છે જે તદ્દન હંગામી અને કરાર આધારીત ગણાશે અને નવા કરારથી પણ કોઈપણ વ્યકિતની સળંગ નોકરી ગણાશે નહી કરારની શરતો અનુસાર જ તેની જરૂર ગણાશે

આ કરારમાં જેના માટે નવો કરાર કરાશે તે જ ફરજ પર આવી શકશે તે સિવાયના કરારની મુદત પુરી થયેલ હોય તે આપો આપ છુટા થયેલ ગણાશે અને જરૂર ન જણાંતા નિમણુંક આપેલ છે તેઓ ને પણ છુટા કરી શકાશે.

| અ.નં. | કર્મચારીનું નામ | હાલનો માસિક ઉચ્ચક પગાર રૂપીયા | નવો પગાર દર રૂપીયા | ફરજની સમય મર્યાદા |
|---|---|---|---|---|
| (૧) | શ્રી કિશ્નાભાઈ ઘનશ્યામભાઈ ખારવા | ૭૫૦૦/- | ૯૦૦૦/- | તા.૦૧–૦૨–૨૦૨૪ થી તા.૩૦–૦૪–૨૦૨૪ |
| (૨) | શ્રી વાલ્મિક ગણપતકુમાર ગભરૂભાઈ | ૭૫૦૦/- | ૯૦૦૦/- | |
| (૩) | શ્રી જયદીપસિંહ જશુભાઈ ગઢવી | ૭૫૦૦/- | ૯૦૦૦/- | |
| (૪) | શ્રી ભરતભાઈ વાલુભાઈ રબારી | ૭૫૦૦/- | ૯૦૦૦/- | |
| (૫) | શ્રી આનંદભાઈ વસંતભાઈ જાદવ | ૭૫૦૦/- | ૯૦૦૦/- | |
| (૬) | શ્રી ભગવતીબેન રાકેશકુમાર સોલંકી | ૭૫૦૦/- | ૯૦૦૦/- | |
| (૭) | શ્રી મોઈનરઝા નાઝીમ આગા | ૩૦૦/-પ્રતિદિન | ૩૫૦/-પ્રતિદિન | |
| (૮) | શ્રી અંકીત કનુભાઈ રબારી | ૩૦૦/-પ્રતિદિન | ૩૫૦/-પ્રતિદિન | |
| (૯) | શ્રી મોસીનઅલી ઈર્ષાદઅલી સૈયદ | ૩૦૦/-પ્રતિદિન | ૩૫૦/-પ્રતિદિન | |

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૯૬ તારીખ.૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ. ૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ સુધી માસીક ઉચ્ચક રૂપિયા. ૭૫૦૦/– તથા પ્રતિદિન રૂપિયા. ૩૦૦/– લેખે રાખવામાં આવેલ હતા જેઓની તારીખ.૩૧–૦૧–૨૦૨૪ ના રોજ મુદત પુર્ણ થતી હોવાથી જેથી તેઓને તારીખ. ૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ.૩૦–૦૪–૨૦૨૪ સુધી અનુક્રમ નંબર. (૧) થી (૬) ને માસીક ઉચ્ચક રૂપીયા.૯,૦૦૦/–રાખવામાં આવે છે તથા અનુક્રમ નંબર.(૭) થી (૯) ને પ્રતિદિન રૂપિયા.૩૫૦/– વેતનથી ત્રણ માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૧૩) આથી ઠરાવ કરવામાં આવે છે કે જનરલ બોર્ડ ઠરાવ નંબર.૪૭ તારીખ. ૩૧–૦૧–૨૦૧૯ થી ખંભાત નગરપાલિકામાં શહેરી જનોની સુવિધા માટે ૨ (બે) સીટી બસ ચાલુ કરવાની નકકી કરેલ છે. તે અંગે ફાયર ઓફીસરનો તારીખ.૦૬–૦૩–૨૦૧૯ નો રીપોર્ટ વંચાણમાં લેતા ડ્રાયવર તથા કંડકટરની જરૂરીયાત હોઈ તેઓને ૧૧–(અગીયાર)માસના કરાર આધારીત નીચે જણાવેલ કર્મચારીને રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે તથા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૧૩ તારીખ.૧૬–૦૨–૨૦૧૯ થી નિયમો તથા શરતો નકકી થયેલ છે તથા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૭૨ તારીખ.૦૭–૦૩–૨૦૧૯ થી નકકી થયેલ રૂટ તથા શરતો મુજબ નીચે જણાવેલ કર્મચારીની ડ્રાયવર તથા કંડકટર તરીકે ફરજ બજાવે છે જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૯૬ તારીખ.૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ તારીખ. ૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ. ૩૧–૦૧–૨૦૨૪

સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ ના રોજ પુર્ણ થતી હોવાથી તારીખ.૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ. ૩૦–૦૪–૨૦૨૪ સુધી ત્રણ માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી જય કૌશીકકુમાર પરીખ | રોજના રૂપીયા.૩૦૦/– પ્રમાણે | નવો દર રૂપિયા.૩૫૦/– પ્રમાણે |
| (૨) | શ્રી ધર્મિન ભાવિનભાઈ મહેતા | રોજના રૂપીયા.૩૦૦/– પ્રમાણે | નવો દર રૂપિયા.૩૫૦/– પ્રમાણે |
| (૩) | શ્રી રાકેશકુમાર ઠાકોરભાઈ બારૈયા | રોજના રૂપીયા.૩૦૦/– પ્રમાણે | નવો દર રૂપિયા.૩૫૦/– પ્રમાણે |

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૯૬ તારીખ.૦૪–૧૦–૨૦૨૩ થી મંજુર થયા મુજબ ઉપરોકત કર્મચારી અનુક્રમ નંબર. (૧) થી (૩) ને રોજના રૂપીયા. ૩૦૦/– આપવામાં આવે છે જેમાં તેઓને તારીખ.૦૧–૦૨–૨૦૨૪ થી તારીખ.૩૦–૦૪–૨૦૨૪ સુધી નવો દૈનિક દર રૂપિયા.૩૫૦/– લેખે ત્રણ માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

આ ઉપર જણાવેલ શરતોમાં સુધારો અથવા ગમે તે સમયે વધારો કરવામાં આવશે તેમજ જરૂરી તેમજ બીજી કોઈપણ શરત ઉમેરવાની થાય તો તે તમામની આગળની ધટતી કાર્યવાહી કરવા સહીત તમામ સત્તા પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી અને ચીફ ઓફીસરને આપવામાં આવે છે અને તેઓનો નિર્ણય આખરી ગણાશે અને તે તમામને બંધનકર્તા રહેશે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૯
## તારીખ.૧૫–૦૨–૨૦૨૪

આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના પુર્વ પ્રમુખશ્રી યોગેશભાઈ બેચરલાલ ઉપાધ્યાય ધ્વારા પુર્વ પ્રમુખશ્રી પિનાકીનભાઈ પ્રવિણચંદ્ર બ્રહ્મભટ્ટ વિરૂધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ.નં.૧૩૫૭૪/૨૦૧૧ પીટીશન દાખલ કરેલ. જેમા નામદાર ગુજરાત ધ્વારા તારીખ.૦૮–૦૮–૨૦૨૩ના રોજ હુકમ કરીને નામદાર મુખ્ય જીલ્લા ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટ, આણંદના કેસ નં.RCA NO. 11/2010 રીમાન્ડ બેક કરેલ છે. RCA NO.11/2010 નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ની કલમ–૭૦ના હુકમ સામે કરેલ હતી. જેની સામે પુર્વ પ્રમુખશ્રી પિનાકીનભાઈ પ્રવિણચંદ્ર બ્રહ્મભટ્ટએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં R/SPECIAL CIVIL APPLICATION NO.1194 OF 2024 (CONVERTED FROM SCA/2/70/2024 DATED.20/01/2024 થી પીટીશન દાખલ કરેલ જેમા અત્રેની કચેરી પક્ષકાર તરીકે છે. જેથી સદર બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સદર કેસના જવાબ તૈયાર કરવા તથા કોર્ટમાં મુદતે હાજર રહેવા માટે વકીલ શ્રી ડી. બી. રાણા ને કેસના તમામ પેપર ખર્ચ સાથે રૂપિયા.૫૦,૦૦૦/– ની ફી થી નિમણુંક કરવા મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા<br>ચેરમેન<br>એકઝીકયુટીવ કમીટી<br>ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા<br>સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય<br>સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા<br>સહી. સોનલબેન નિતીનકુમાર જોષી<br>સહી. નિતાબેન દિલીપભાઈ રાણા<br>સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ<br>સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ